


RNI Regd. No. 38399/62
Postal Regd. No. Jam/GJN/18/2026-2028
At Posted Jamnagar gty. 361001

www.nobat.com

જામનગર-દેવભૂમિ દ્વારકા જિલ્લાનું સર્વ પ્રથમ સાંધ્ય દૈનિક

Page 8 Price : ₹ 3.50

# નોબત

NOBAT (GUJARATI EVENING DAILY) PRINTED AT JAMNAGAR (GUJARAT).

11 MARCH 2026, WEDNESDAY • Vol. No. 69 • PRICE ₹ 3.50 • ISSUE No. 251




■ Founder Editor: Late Ratilal Madhvani ■ Editor, Printer Publisher: Pradip Madhvani ◆ Owner: Madhvani Prakashan (Nobat) ◆ Printing at: Nobat Press, Nobat Bhavan, Pancheshwar Tower Road, Jamnagar ◆ Phone: 2670924/2555924 ◆ Fax: 2553752

### ટ્રમ્પે ૧૬ બોટો ઉડાવી દીધી હોવાના દાવા સાથે ઈરાનને ફરીથી આપી ચિમકીઃ

# મધ્ય પૂર્વનું યુદ્ધ ભયાનકઃ હોર્મુઝ સ્ટ્રેટ બન્યું ડેથ વેલીઃ ઈરાને બિછાવી માઈન્સ

*નવી દિલ્હી તા. ૧૧: મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષે હવે ભયાનક વળાંક લીધો છે, અને હોર્મુઝ સ્ટ્રેટ ડેથ વેલી બન્યું છે. જો ઈરાન આ માઈન્સ તાત્કાલિક નહીં હટાવે તો તેણે એવા સૈન્ય પરિણામો ભોગવવા પડશે જે તેણે ક્યારેય જોયા નહીં હોય તેવી ટ્રમ્પે ચિમકી આપી છે.*



મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધે હવે ભયાનક વળાંક લીધો છે. અમેરિકા અને ઈઝરાયલના સતત હુમલાઓ સામે નમતું જોખવાને બદલે ઈરાને આક્રમક વલણ અપનાવ્યું છે.

તાજેતરના અહેવાલો મુજબ ઈરાને વિશ્વના સૌથી મહત્ત્વપૂર્ણ ગણાતા હોર્મુઝ સ્ટ્રેટ જળમાર્ગમાં અત્યંત ખતરનાક દરિયાઈ માઈન્સ પ્લાન્ટ કરવાનું શરૂ કરી દીધું છે. આ પગલાંથી વૈશ્વિક સ્તરે તેલના પુરવઠા પર મોટું સંકટ તોળાઈ રહ્યું છે અને આ વિસ્તાર હવે યુદ્ધના મેદાનમાં ફેરવાઈ ગયો છે. ઈરાને છેલ્લા કેટલાક દિવસોમાં ડઝનબંધ સમુદ્રી માઈન્સ પાણીમાં ફેંક્યા છે.

નિષ્ણાતોનું માનવું છે કે, ઈરાન પાસે હજુ પણ ૮૦ થી ૯૦ ટકા માઈન લગાવવાની ક્ષમતાના સાધનો સુરક્ષિત છે, જેનો અર્થ એ છે કે તે સેંકડોની સંખ્યામાં વિસ્ફોટકો પ્લાન્ટ કરી શકે છે.

ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ પાસે ઝડપી નૌકાઓ અને કિનારા પરની મિસાઈલ બેટરીઓ છે, જેના દ્વારા તેઓ આખા જળમાર્ગને બ્લોક કરી શકે છે. આ જ કારણ છે કે હાલમાં આ રસ્તો વહાણો માટે અત્યંત જોખમી બની ગયો છે. આ ગંભીર સ્થિતિ વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ખુલ્લી ચેતવણી આપી છે.

ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકી દળોએ માઈન્સ પ્લાન્ટ કરતી ઈરાનની ૧૬ બોટને તોડી પાડી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, જો ઈરાન આ માઈન્સ તાત્કાલિક નહીં હટાવે તો તેણે એવા સૈન્ય પરિણામો ભોગવવા પડશે જે તેણે ક્યારેય જોયા નહીં હોય.

ટ્રમ્પે વધુમાં ઉમેર્યું કે હર્મુઝ સ્ટ્રેટ સુરક્ષિત રહેશે અને અમેરિકા પાસે દરિયામાં બિછાવેલી માઈન્સ શોધવા માટે વિશ્વના શ્રેષ્ઠ સાધનો ઉપલબ્ધ છે. હોર્મુઝ સ્ટ્રેટમાં સર્જાયેલી અ... અસ્થિરતાને કારણે વિશ્વભરમાં દરરોજ સપ્લાય થતા ૧.૫ કરોડ બેરલ કાચા તેલ અને ૪૫ લાખ બેરલ રિફાઈન્ડ ઈંધણ પર જોખમ ઊભું થયું છે. ઈરાક અને કુવેત જેવા દેશો પાસે તેલની નિકાસ માટે બીજો કોઈ વિકલ્પ નથી.

આ કપરી પરિસ્થિતિને જોતા જી-૭ દેશોએ સંકેત આપ્યા છે કે જો તેલની અછત સર્જાશે તો તેઓ બજારમાં વધારાનું તેલ મૂકીને સ્થિતિને સંતુલિત કરવાનો પ્રયાસ કરશે. હાલમાં આ જળમાર્ગ લગભગ બંધ હાલતમાં હોવાથી તેને ડેથ વેલી તરીકે ઓળખવામાં આવી રહ્યો છે.




## પડોશી દેશોને એફડીઆઈ માટે છૂટછાટનો નિર્ણય... "પરફેક્ટ" કે પગ પર કૂહાડો ?

ગઈકાલે એવા અહેવાલો વહેતા થયા હતા કે ભારત સરકારે પડોશી દેશોને ૧૦૦% સીધુ વિદેશી રોકાણ (ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ)ની છૂટ આપી છે, અને આ નિર્ણય મોદી સરકારની કેબિનેટમાં લેવાયો છે, ત્યારે ઘણાં લોકોને આશ્ચર્ય થયું હતું. સ્વદેશી અને લોકલ ફોર વોકલના નારા સાથે ચીનની વસ્તુઓનો બહિષ્કાર કરવાના સરકાર સમર્થક સંગઠનો-નેતાઓના "અભિયાનો" નું શું થયું ? તેવા સવાલો પણ ઉઠી રહ્યા હતા. જો કે, સરકારના પ્રવક્તા મંત્રીએ કેબિનેટમાં લેવાયેલા ૬ મહત્ત્વપૂર્ણ નિર્ણયોમાં આ મુદ્દાને બહુ સ્પર્શ્યો નહીં હોવાથી સસ્પેન્સ પણ સર્જાયું હતું.

સત્તાવાર સમાચારો મુજબ સરકારના પ્રવક્તા અને માહિતી-પ્રસારણ વિભાગના કેન્દ્રીય મંત્રીએ આપેલી માહિતી મુજબ ગઈકાલે કેબિનેટમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેને જેવર ઈન્ટરનેશનલ એરપોર્ટ સાથે જોડતી ગ્રીન ફિલ્ડ સડક માટે રૂા. ૩૬૩૦ કરોડ, પ.બંગાળ અને ઝારખંડમાં બે નવી મલ્ટી ટ્રેકિંગ રેલવે પરિયોજનાઓ, જલજીવન ૨.૦ પ્રોજેક્ટ, બદનાવર-થાંદલા-તિમરવાની નેશનલ હાઈ-વેને ફોરલેન કરવાનો પ્રોજેક્ટ અને તમિલનાડુના મદુરાઈ એરપોર્ટને ઈન્ટરનેશનલ દરજ્જો આપવાની મંજુરી અપાઈ હોવાની જાહેરાત થઈ હતી, આ ઉપરાંત પ્રવર્તમાન સંજોગોમાં રાંધણગેસ તથા પેટ્રોલિયમ ચીજ-વસ્તુઓનો પુરવઠો જાળવી રાખવા તથા સંગ્રહખોરી-કાળાબજાર પર અંકુશ રાખવા માટે શ્રેણીબદ્ધ કદમ ઉઠાવવાના નિર્ણયની ચર્ચા પણ થઈ હતી.

જો કે, તે પછી એફડીઆઈનો મુદ્દો ટોક ઓફ ધ નેશન બની ગયો અને મીડિયા હાઉસ તથા ઈન્ડસ્ટ્રિયલ એકમોથી લઈને રાજકીય અને બિઝનેસ ક્ષેત્રોમાં પણ આ મુદ્દે ચર્ચા થવા લાગી હતી. તે પછી એવી ચોખવટ થઈ હતી કે ભારત સાથે જે દેશોની સરહદો જોડાયેલી છે, તે દેશો માટે એફડીઆઈ માટે વર્ષ ૨૦૨૦માં જે એફડીઆઈ માટે જે પ્રતિબંધો મૂકાયા છે, તે હળવા કરાવ્યા છે, પરંતુ તદ્દન હટાવી લેવાયા નથી, મતલબ કે આ પડોશી દેશોને ૧૦૦% એફડીઆઈની છૂટના જે અહેવાલો આવ્યા હતા, તેમાં એવી ચોખવટ થઈ હતી કે ભારત સરકારે દેશના સરહદી પડોશી દેશો દ્વારા ભારતમાં થતા એફડીઆઈ માટે કેટલીક ઘણી મોટી પણ શરતી છૂટછાટો આપી છે, પરંતુ સંપૂર્ણ છૂટછાટ અપાઈ નથી.

તે પછી એવા વિગતવાર અહેવાલો આવ્યા કે વર્ષ ૨૦૨૦માં લાગુ કરાયેલી પોલિસી (પ્રેસનોટ-૩) જોગવાઈઓમાં સુધારા-વધારા કરાયા છે. હવે પડોશી દેશોના શેરધારકો ધરાવતી કંપનીઓ ૧૦% સુધીનું પ્રત્યક્ષ મૂડી રોકાણ ભારત સરકારની મંજૂરી વિના કરી

અનુસંધાન પૃષ્ઠ (૪) પર

### અમેરિકન ઈતિહાસનો સૌથી મોટો સોદોઃ ટ્રમ્પ

# રિલાયન્સ અમેરિકામાં નવી રિફાઈનરી માટે ૩૦૦ બિલિયન ડોલરનું રોકાણ કરશે

*વોશિંગ્ટન તા. ૧૧: અમેરિકામાં રિલાયન્સ રિફાઈનરી માટે અબજો ડોલરનું રોકાણ કરશે, તેવી માહિતી ટ્રમ્પે સોશ્યલ મીડિયાના માધ્યમથી આપી છે.*

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ટેક્સાસમાં ૫૦ વર્ષ પછી પહેલી નવી ઓઈલ રિફાઈનરી ખોલવાની ઐતિહાસિક જાહેરાત કરી છે. આ પ્રોજેક્ટમાં ભારતની અગ્રણી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ મહત્ત્વની ભાગીદાર બની છે અને કરોડો ડોલરનું રોકાણ કરવા જઈ રહી છે.

ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર જાહેરાત કરી છે કે 'અમેરિકા ફર્સ્ટ રિફાઈનિંગ' ટેક્સાસના બ્રાઉન્સવિલેમાં દેશની પ્રથમ નવી રિફાઈનરી સ્થાપવા જઈ રહી છે. ટ્રમ્પે તેને અમેરિકાના ઈતિહાસની સૌથી મોટી ૩૦૦ બિલિયનની ડીલ ગણાવી છે.

આ પ્રોજેક્ટની સૌથી મહત્ત્વની કડી ભારતની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ છે. રિલાયન્સે આ નવી રિફાઈનરીમાં તૈયાર થનારા ઈંધણને ખરીદવા અને વેચવા માટે ૨૦ વર્ષનો લાંબાગાળાનો કરાર કર્યો છે. જોકે, આ અંગે રિલાયન્સ તરફથી હજુ સુધી સત્તાવાર નિવેદન આવ્યું નથી, પરંતુ અમેરિકન મીડિયા અને વ્હાઈટ હાઉસ આ ડીલને ગેમ-ચેન્જર માની રહ્યા છે.

ટ્રમ્પ વહીવટીતંત્ર 'અમેરિકન એનર્જી ડોમિનન્સ'ની નીતિ પર ભાર મૂકી રહ્યું છે. ઈરાન-ઈઝરાયલ યુદ્ધને કારણે વધતા તેલના ભાવ વચ્ચે આ પગલું વૈશ્વિક ચિંતાઓને શાંત કરવા માટે લેવાયું છે.

ટેક્સાસની આ રિફાઈનરી દરરોજ અંદાજે ૧,૬૦,૦૦૦ બેરલ તેલ પ્રોસેસ કરવાની ક્ષમતા ધરાવશે. તેને ખાસ કરીને અમેરિકી શેલ તેલ પ્રોસેસ કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે.

આ પ્રોજેક્ટથી સાઉથ ટેક્સાસમાં હજારો નોકરીઓ ઉભી થશે અને અબજો ડોલરની આર્થિક પ્રવૃત્તિ વધશે.



ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે આ દુનિયાની સૌથી 'ક્લીન' એટલે કે પર્યાવરણને ઓછું નુકસાન પહોંચાડનારી રિફાઈનરી હશે.

તેમણે કહ્યું કે પરમિટ પ્રક્રિયા સરળ બનાવવી અને ટેક્સમાં ઘટાડો કરવાના કારણે જ અબજો ડોલરની ડીલ્સ અમેરિકામાં પરત આવી રહી છે. રિફાઈનરીનું નિર્માણ આ વર્ષના બીજા ક્વાર્ટરમાં શરૂ થવાની ધારણા છે.

સૂત્રો મુજબ આ પ્રોજેક્ટ આશરે ડોલર ૩૦૦ બિલિયનનો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ટેક્સાસમાં ૩૦૦ બિલિયન (આશરે રૂ. ૨૫.૩૫ લાખ કરોડ) ની ઓઈલ રિફાઈનરી બનાવવાની જાહેરાત કરતી વખતે ભારત અને તેની સૌથી મોટી ખાનગી ઉર્જા કંપની રિલાયન્સનો આભાર માન્યો છે. તેને ઐતિહાસિક રોકાણ ગણાવતા ટ્રમ્પે કહ્યું કે તે અમેરિકા ફર્સ્ટ નીતિ માટે એક મોટી જીત છે. આ પ્રોજેક્ટ દ્વારા અમેરિકા ઉર્જા ક્ષેત્રમાં પોતાનું વર્ચસ્વ ફરીથી સ્થાપિત કરશે.

બ્રાઉન્સવિલે બંદર યુએસ ગલ્ફ કોસ્ટ પર એક મુખ્ય શિપિંગ હબ છે. આ રિફાઈનરી યુએસ સ્થાનિક બજારમાં ઈંધણ સપ્લાય કરવાની સાથે સાથે વૈશ્વિક ઉર્જા નિકાસને વેગ આપવાની અપેક્ષા રાખે છે. ટ્રમ્પે દાવો કર્યો હતો કે આ રિફાઈનરી વિશ્વમાં સૌથી સ્વચ્છ હશે.

ટ્રમ્પે આ રોકાણને તેમના અમેરિકા ફર્સ્ટ એજન્ડા સાથે જોડ્યું. તેમનું કહેવું છે કે પરમિટ પ્રક્રિયાને સરળ બનાવવા અને કર ઘટાડવા જેવી નીતિઓને કારણે અમેરિકામાં મોટા રોકાણો આકર્ષિત થઈ રહ્યા છે.

### પશ્ચિમ એશિયાના યુદ્ધનો આજે ૧૨મો દિવસઃ

# ઈઝરાયલ, અમેરિકા, ઈરાનની લડાઈ પ્રથમ ૧૦ દિવસમાં ૪૩૦૦ લોકોને ભરખી ગઈ : પરસ્પર હુમલાઓ યથાવત





*નવી દિલ્હી તા. ૧૧: ઈઝરાયલ-ઈરાન-અમેરિકા વચ્ચે પ્રથમ ૧૦ દિવસનું યુદ્ધ ૪૩૦૦ લોકોને ભરખી ગયું છે. આજે મધ્ય-પૂર્વ સંઘર્ષનો ૧૨ મો દિવસ છે. જાન-માલને ભારે નુકસાન પહોંચ્યું છે, તો ઈરાન અને ઈઝરાયલ-અમેરિકી પરસ્પર હુમલાના દાવા કરી રહ્યા છે.*

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધમાં જાનમાલનું નોંધપાત્ર નુક્સાન થયું છે. હેંગાવ માનવ અધિકાર સંગઠન અનુસાર યુદ્ધના પહેલા ૧૦ દિવસમાં ઓછામાં ઓછા ૪,૩૦૦ લોકો માર્યા ગયા છે. આમાં આશરે ૩૯૦ નાગરિકોનો સમાવેશ થાય છે, જ્યારે આશરે ૩,૯૧૦ ઈરાની સરકારી સૈન્ય અને સુરક્ષા દળોના સભ્યો હતાં. આ આંકડા ૧ માર્ચ, ૨૦૨૬ થી ૯ માર્ચ, ૨૦૨૬ વચ્ચે થયેલા હુમલાઓ પર આધારિત છે.

આજે અમેરિકા-ઈઝરાયલ-ઈરાન યુદ્ધનો ૧૨ મો દિવસ છે. આ સંઘર્ષમાં અત્યાર સુધીમાં ૧૪૦ અમેરિકન સૈનિકો ઘાયલ થયા છે, જ્યારે સાતના મૃત્યુની પુષ્ટિ થઈ છે. ઈરાનનું કહેવું છે કે તેના દેશમાં થયેલા હુમલાઓમાં લલગભગ ૮,૦૦૦ ઘરોને નુક્સાન થયું છે. સંયુક્ત રાષ્ટ્રમાં ઈરાનના રાજદૂત અમીર સઈદ ઈરાવાનીના જણાવ્યા અનુસાર દેશમાં લગભગ ૯,૬૦૦ નાગરિક વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા હતાં, જેમાં ઘરો, બજારો, હોસ્પિટલો, તબીબી કેન્દ્રો અને શાળાઓનો સમાવેશ થાય છે.

દરમિયાન ઈરાને એવો પણ દાવો કર્યો છે કે તેણે ઘણાં ઈઝરાયલી શહેરો પર મિસાઈલ હુમલા કર્યા છે. ઈરાનના મતે હાઈફા, જેરૂસલેમ અને તેલ અવીવને નિશાન બનાવવામાં આવ્યા હતાં. અહેવાલ મુજબ ૨૪ ઈરાની પ્રાંતોના ૧૬૭ શહેરોમાં લશ્કરી અને સરકારી લક્ષ્યો પર હવાઈ અને મિસાઈલ હુમલાઓ કરવામાં આવ્યા હતાં. આ હુમલાઓમાં ઈસ્લામિક રિવોલ્યુશનની ગાર્ડ કોર્પ્સના બેઝ, બાસીજ સેન્ટર, લશ્કરી એરપોર્ટ, મિસાઈલ ઈન્સ્ટોલેશન, પોલીસ સ્ટેશન, ગુપ્તચર એજન્સીઓ અને લશ્કરી કેમ્પ સહિત અનેક મુખ્ય સ્થળોએ નિશાન બનાવવામાં આવ્યા હતાં. તપાસમાં જાણવા મળ્યું છે કે, મોટાભાગના માર્યા ગયેલા સૈનિકો ઈરાની સેના, વાયુસેના અને આઈઆરજીસીના હતાં. સૌથી વધુ લશ્કરી નુક્સાન તેહરાન, કરમાનશાહ, હોર્મોઝગન, કુર્દીસ્તાન પ્રાંત અને સિસ્તાન અને બલુચિસ્તાનમાં નોંધાયું હતું.

સૌથી વધુ નાગરિક જાનહાનિ હોર્મોઝગન પ્રાંતમાં થઈ હતી. પ્રાથમિક શાળા, હજારેહ તૈયબેહમાં ઘણી મહિલા વિદ્યાર્થિનીઓના પણ મોત થયા હોવાના અહેવાલ

અનુસંધાન પૃષ્ઠ (૪) પર

### યુદ્ધના કારણે સપ્લાઈ ચેઈન ખોરવાઈ જતા

# દવાઓ મોંઘી થતા ભારતીયો પર વધશે ભારણ

*નવી દિલ્હી તા. ૧૧: યુદ્ધના કારણે સપ્લાઈ ચેઈન ખોરવાઈ જતા દવા કંપનીઓ દ્વારા આયાત કરાતો કાચો માલ અટવાઈ પડતા દેશમાં દવાઓ મોંઘી થઈ રહી છે, તો કેટલીક દવાઓની અછત પણ સર્જાઈ શકે છે.*



પશ્ચિમ એશિયામાં ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવની અસર હવે સીધી ભારતીયોના ખિસ્સા પર પડવાની તૈયારીમાં છે. અમેરિકી અને ઈઝરાયલી હુમલા બાદ સર્જાયેલી યુદ્ધની સ્થિતિને કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ ગઈ છે. જેની ગંભીર અસર ભારતના દવા ઉદ્યોગ પર જોવા મળી રહી છે.

રિપોર્ટ્સ અનુસાર, દવા બનાવવા માટે વપરાતા કાચા માલની કિંમતોમાં તોતિંગ વધારો થયો છે. ફાર્મા ઉદ્યોગના નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, દવા બનાવવા માટે અનિવાર્ય એવા 'કી સ્ટાર્ટિંગ મટિરિયલ' (કેએસએમ) અને 'એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રેડિયન્ટ્સ' (એપીઆઈ)ના ભાવમાં છેલ્લા એક અઠવાડિયામાં ૫% થી લઈને ૧૦૦% સુધીનો ઉછાળો આવ્યો છે. વૈશ્વિક અસ્થિરતા અને ડોલરના ભાવમાં વધઘટને કારણે આયાત કરવી મોંઘી બની રહી છે.

ફાર્મા ઉદ્યોગમાં કાચા માલનો વેપાર ડોલરમાં થાય છે. યુદ્ધની સ્થિતિમાં ડોલર મજબૂત થતા આયાત પાછળનો ખર્ચ વધી ગયો છે. આટલું ઓછું હોય તેમ મુખ્ય દરિયાઈ રસ્તાઓ યુદ્ધને કારણે બંધ અથવા જોખમી બન્યા છે. જહાજો અને કન્ટેનરો સમયસર બંદરો પર પહોંચી રહ્યા નથી, જેના કારણે લોજિસ્ટિક્સ ખર્ચમાં પણ ૨૦ થી ૨૫ ટકાનો વધારો થયો છે.

ભારત તેની જરૂરિયાતનું ૬૫ થી ૭૦ ટકા એપીઆઈ અને ઈન્ટરમીડિએટ્સ ચીનથી મંગાવે છે, પરંતુ વૈશ્વિક પરિવહન ઠપ્પ થતા આ સપ્લાય ખોરવાયો છે. ઉદ્યોગ જગતના અગ્રણીઓએ ચેતવણી આપી છે કે, જો યુદ્ધ લાંબુ ચાલશે તો બજારમાં જીવનરક્ષક દવાઓની અછત સર્જાઈ શકે છે. હાલમાં નાના વેપારીઓ અને સપ્લાયરો પાસે સ્ટોક હોવા છતાં તેઓ યુદ્ધની સ્થિતિનો ફાયદો ઉઠાવી કિંમતો વધારી રહ્યા છે. અનેક ટ્રેડરોએ નવા ઓર્ડર લેવાનું પણ બંધ કરી દીધું છે.

જો સ્થિતિ જલદી કાબૂમાં નહીં આવે, તો સામાન્ય માણસ માટે તાવ, શરદીથી લઈને ગંભીર બીમારીઓની દવાઓ ખરીદવી મોંઘી સાબિત થશે.